# ખંભાત નગરપાલિકા,ખંભાત
## એજન્ડા નોટીસ

તારીખ.૩૧–૦૧–૨૦૨૦ ને શુક્રવારના રોજ સાંજના ૪–૩૦ કલાકે મ્યુની. કાઉન્સીલ હોલમાં મળનાર જનરલ બોર્ડની રાબેતા મુજબની જનરલ સામાન્ય સભામાં કરવામાં આવનાર કામોનાં એજન્ડા.

(૧) તા.૧૪–૧૦–૨૦૧૯ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવા બાબત.

(૨) નીચે જણાવેલ કર્મચારીઓ નિવૃત્ત થતાં હોવાથી તેઓને મળવા પાત્ર લાભો આપવા બાબત.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી દિનેશભાઈ શકરાભાઈ હરીજન | નિવૃત્તિ તા.૩૧–૦૧–૨૦૨૦ |
| (૨) | શ્રી કપીલાબેન ડાહયાભાઈ હરીજન | નિવૃત્તિ તા.૩૧–૦૩–૨૦૨૦ |
| (૩) | શ્રી દિનેશભાઈ સોમાભાઈ હરીજન | નિવૃત્તિ તા.૩૧–૦૩–૨૦૨૦ |

(૩) એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૫૩૯ તારીખ.૧૮–૧૨–૨૦૧૯થી એકઝીકયુટીવ કમીટી – ઠરાવ નંબર.૫૭૭ તારીખ.૧૮–૧૨–૨૦૧૯ સુધીના ઠરાવો મંજુર કરવા બાબત.

(૪) ગુજરાત મ્યુની.એકટ ૧૯૬૩ની કલમ ૭૬ (૨) પેરા નં.૨ મુજબ ખંભાત નગરપાલિકા ના તારીખ. ૦૧–૦૭–૨૦૧૯ થી તારીખ.૩૦–૦૯–૨૦૧૯ સુધીના ત્રિમાસીક હિસાબો તથા તારીખ. ૦૧–૧૦–૨૦૧૯ થી તારીખ.૩૧–૧૨–૨૦૧૯ સુધીના ત્રિમાસીક હિસાબો મંજુર કરવા બાબત.

(૫) ખંભાત નગરપાલિકાનું સને.૨૦૨૦–૨૦૨૧ના નાણાંકીય વર્ષ માટે નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ ની કલમ ૭૬(૧) મુજબ વર્ષ ૨૦૧૯–૨૦૨૦ના એપ્રિલ ૨૦૧૯ થી ડીસેમ્બર–૨૦૧૯ સુધીના ખરેખર આવક અને ખર્ચ તથા જાન્યુઆરી–૨૦૨૦ થી માર્ચ–૨૦૨૦ સુધીના સંભવિત આવક અને ખર્ચના અંદાજ પત્ર ફાયનાન્સ કમીટી ઠરાવ નંબર.૦૧ તારીખ.૨૦–૦૧–૨૦૨૦થી કરેલ ભલામણ વંચાણમાં લઈ વર્ષ ૨૦૨૦–૨૦૨૧ નું અંદાજ પત્ર મંજુર કરવા બાબત.

આ ઉપરાંત ચેરમાંથી રજુ થાય તે બાબત.

સહી. યોગેશકુમાર બી. ઉપાધ્યાય

ખંભાત નગરપાલિકા. પ્રમુખ,

તારીખ.૨૩–૦૧–૨૦૨૦ ખંભાત નગરપાલિકા,ખંભાત

નોધઃ– (૧) બોર્ડની મીટીંગમાં કરવાનાં કામોનાં કાગળો જોવા તથા વાંચવા સારું ઓફીસ ચાલુ હોય તે દિવસો અને રજાના દિવસો દરમ્યાન સવારના ૧૦–૦ થી ૧૨–૦ સુધી ઓફીસ ટેબલ ઉપર મુકવામાં આવેલ છે.

(૨) એજન્ડા પેપરમાં દાખલ કરેલ કામોને વ્યાખ્યા અગર સાર તરીકે ગણવાનાં નથી પરંતુ કામોના વિષયે સુચન છે.

(૩) એજન્ડાની તમામ આઈટમના ઠરાવો નગરપાલિકાની વેબસાઈટ ઉપર દરેકને જોવા મળશે અને નકલો પણ લઈ શકશો www.khambhatnagarpalika.in ઉપરથી મેળવી શકશો.

## <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>

આજ તારીખ.૩૧–૦૧–૨૦૨૦ને શુક્રવારના રોજ સાંજના ૪–૩૦ કલાકે ખંભાત નગરપાલિકા કચેરીના સભાખંડમાં પ્રમુખશ્રી યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાયના અધ્યક્ષ સ્થાને રાબેતા મુજબની ખાસ સામાન્ય સભા મળી હતી પ્રારંભમાં ઉપસ્થિત સદસ્યશ્રીઓની હાજરી રજીસ્ટરમાં હાજરી લેતા નીચે મુજબના સદસ્યશ્રીઓ હાજરછે.

<u>હાજર સભ્ય શ્રીઓ.</u>

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | શ્રી | યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય (લાલાભાઈ) | પ્રમુખશ્રી | હાજર |
| (૨) | શ્રી | શારદાબેન જીતેન્દ્ર રાણા | ઉપપ્રમુખશ્રી | હાજર |
| (૩) | શ્રી | ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા | સભ્યશ્રી | હાજર |
| (૪) | શ્રી | આરીફાબાનુ મોહંમદયુસુફ પાનારા | સભ્યશ્રી | હાજર |
| (૫) | શ્રી | નગિનભાઈ રતિલાલ મહીડા | સભ્યશ્રી | હાજર |
| (૬) | શ્રી | પ્રકાશભાઈ નટવરલાલ પટેલ | સભ્યશ્રી | હાજર |
| (૭) | શ્રી | નિશાદબાનુ મોહંમદ સોએબ મનસુરી | સભ્યશ્રી | હાજર |
| (૮) | શ્રી | મનિષાબેન મનોજભાઈ વાઘરી | સભ્યશ્રી | હાજર |
| (૯) | શ્રી | વસંતલાલ ચીમનલાલ પટેલ | સભ્યશ્રી | હાજર |
| (૧૦) | શ્રી | અંબાબેન જગદીશભાઈ જાદવ | સભ્યશ્રી | હાજર |
| (૧૧) | શ્રી | મનીષાબેન દીપકભાઈ મીસ્ત્રી | સભ્યશ્રી | હાજર |
| (૧૨) | શ્રી | ધર્મેન્દ્રકુમાર તોગાભાઈ ભરવાડ (લાલાભાઈ) | સભ્યશ્રી | હાજર |
| (૧૩) | શ્રી | કલ્પનાબેન પરેશભાઈ પ્રજાપતિ | સભ્યશ્રી | હાજર |
| (૧૪) | શ્રી | ભારતીબેન રમેશચંદ્ર રાણા | સભ્યશ્રી | હાજર |
| (૧૫) | શ્રી | કૌશીકભાઈ પ્રભુલાલ રાવ | સભ્યશ્રી | હાજર |
| (૧૬) | શ્રી | મંજુલાબેન કિશોરભાઈ રાણા | સભ્યશ્રી | હાજર |
| (૧૭) | શ્રી | શંકુતલાબેન બાબુભાઈ રાવળ | સભ્યશ્રી | હાજર |

| | | | | |
|---|---|---|---|---|
| (૧૮) | શ્રી | મુકેશભાઈ શંકરભાઈ ભીલ | સભ્યશ્રી | હાજર |
| (૧૯) | શ્રી | વિજયસિંહ ચંદુભાઈ પરમાર (રાજભા) | સભ્યશ્રી | હાજર |
| (૨૦) | શ્રી | ઝરીનાબાનુ અબ્દુલહબીબ શેખ | સભ્યશ્રી | હાજર |
| (૨૧) | શ્રી | હંસાબેન કંચનલાલ રાણા(પઠાણ) | સભ્યશ્રી | હાજર |
| (૨૨) | શ્રી | મો.હનીફ અ.જમીલ શેખ | સભ્યશ્રી | હાજર |
| (૨૩) | શ્રી | ઈફતેખારહુસેન મુખ્તાર હુસેન યમની (વકીલ) | સભ્યશ્રી | હાજર |
| (૨૪) | શ્રી | શિલ્પાબેન રાજેશભાઈ પટેલ | સભ્યશ્રી | હાજર |
| (૨૫) | શ્રી | રાજેશકુમાર ગુણવંતલાલ રાણા (રાજુભાઈ ભગત) | સભ્યશ્રી | હાજર |
| (૨૬) | શ્રી | ઈશ્વરભાઈ મોતીભાઈ પરમાર | સભ્યશ્રી | હાજર |
| (૨૭) | શ્રી | દિગ્વિજયસિંહ પ્રભાતસિંહ પરમાર | સભ્યશ્રી | હાજર |
| (૨૮) | શ્રી | પિન્કીબેન કેતનકુમાર રાણા | સભ્યશ્રી | હાજર |
| (૨૯) | શ્રી | સુમિત્રાબેન રણછોડભાઈ માછી | સભ્યશ્રી | હાજર |
| (૩૦) | શ્રી | રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા | સભ્યશ્રી | હાજર |
| (૩૧) | શ્રી | અશોકભાઈ રતીલાલ ખલાસી | સભ્યશ્રી | હાજર |

**નીચે મુજબના સદસ્યશ્રીઓ પ્રમુખશ્રીને રજા રીપોર્ટ આપી ગેરહાજર રહેલ છે.**

| | | | | |
|---|---|---|---|---|
| (૧) | શ્રી | પ્રફુલ્લભાઈ મનુભાઈ ચુનારા ઉર્ફે પ્રકાશ | સભ્યશ્રી | ગેરહાજર |
| (૨) | શ્રી | પરીમલબેન ભદ્રીકભાઈ શાહ | સભ્યશ્રી | ગેરહાજર |
| (૩) | શ્રી | ખુશમનભાઈ શાંતીલાલ પટેલ (ચંદનવાળા) | સભ્યશ્રી | ગેરહાજર |
| (૪) | શ્રી | ગીતાબેન રાજુભાઈ ચુનારા | સભ્યશ્રી | ગેરહાજર |
| (૫) | શ્રી | મીનાબેન ગોવિંદભાઈ રબારી | સભ્યશ્રી | ગેરહાજર |

**હાજરી લીધા બાદ સભાનું કોરમ પુરૂ થયું હોઈ પ્રમુખશ્રી તરફથી તમામ સદસ્યશ્રીઓને આવકારીને સભાનું કામ કાજ શરૂ કર્યુ.**

# ખંભાત નગરપાલિકા, ખંભાત
# શોક ઠરાવ
## જનરલ બોર્ડ ઠરાવ નંબર.૧૪ તારીખ.૩૧–૦૧–૨૦૨૦

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકાના માજી સભ્યશ્રી બીપીનભાઈ કાશીભાઈ પટેલ (છીંકણીવાળા) તારીખ.૧૨–૧૧–૨૦૧૯ના રોજ તેઓનું અવસાન થયેલ છે તેઓ ખંભાત નગરપાલિકામાં સને.૧૯૮૯ થી ૧૯૯૪ સુધી સભ્યશ્રી રહેલ છે તેમના સમય કાર્યકાળ દરમ્યાન તેઓ એ પ્રજાકીય પ્રતિનિધિત્વ તરીકે સેવા કાર્ય કરેલ છે અને આજની આ સભા ઘેરા શોકની લાગણી અનુભવે છે તેઓના અવસાનથી તેઓના પરિવાર–જનો તથા તેમના સ્નેહીજનો ઉપર આવી પડેલ ખોટ સહન કરવાની શકિત આપે અને પરમ કૃપાળુ પરમાત્મા તેમના આત્માને ચીર શાંતી અર્પે એજ અભ્યર્થના.

આજની આ સભા સદગતના આત્માની શાંતિ અર્થે બે મીનીટ મૌન પાળી સદગત ને અંતઃકરણ પુર્વક શ્રધ્ધાંજલી અપર્ણ કરે છે.

સહી. યોગેશકુમાર બી. ઉપાધ્યાય

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૧ તારીખ.૩૧–૦૧–૨૦૨૦

તારીખ. ૧૪–૧૦–૨૦૧૯ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવા બાબત.

## જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૧૫ તારીખ. ૩૧–૦૧–૨૦૨૦

એજન્ડા ક્રમાંક : ૧ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી શંકુતલાબેન બી. રાવળ તરફથી અને સદસ્યશ્રી ઉષાબેનપી. બારૈયા ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

આજ રોજ તારીખ.૩૧–૦૧–૨૦૨૦ ના ખંભાત નગરપાલિકાની મળેલ સામાન્ય સભા ઠરાવે છે કે તારીખ.૧૪–૧૦–૨૦૧૯ ગત બોર્ડનું પ્રોસીડીંગ મંજુર કરવામાં આવે છે.

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી મો.હનીફ અ.જમીલ શેખ તરફથી ઉપરોકત ઠરાવ બાબતે વિરોધ સદસ્યશ્રી ઈશ્વરભાઈ મોતીભાઈ પરમાર ના ટેકાથી રજુઆત થયેલ તે મુજબ ઠરાવોનો વિરોધ વ્યકત કરેલ છે.

આમ ઉપરોકત મુળ ઠરાવ સામે સભ્યશ્રીઓ ધ્વારા વિરોધ કરવામાં આવેલ છે પરતું નગરપાલિકાના મંજુર થયેલા નિયમોના પ્રકરણ ૧નો નિયમ ૩૨ મુજબ મુળ – પ્રસ્તાવ સામે સુધારો રજુ થયેલ હોય તો જ તેની ઉપર મતદાન લઈ શકાય તેવી જોગવાઈ હોવાના કારણે મતદાનની જરૂરીયાત ઉપસ્થિત થતી ન હોઈ મુળ ઠરાવ મંજુર કરવામાં આવે છે.

"મંજુર"

સહી. યોગેશકુમાર બી. ઉપાધ્યાય
પ્રમુખ
ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૨ તારીખ.૩૧–૦૧–૨૦૨૦

નીચે જણાવેલ કર્મચારીઓ નિવૃત્ત / અવસાણ થતાં હોવાથી તેઓને મળવા પાત્ર લાભો આપવા બાબત.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી દિનેશભાઈ શકરાભાઈ હરીજન | નિવૃત્તિ તા.૩૧–૦૧–૨૦૨૦ |
| (૨) | શ્રી કપીલાબેન ડાહયાભાઈ હરીજન | નિવૃત્તિ તા.૩૧–૦૩–૨૦૨૦ |
| (૩) | શ્રી દિનેશભાઈ સોમાભાઈ હરીજન | નિવૃત્તિ તા.૩૧–૦૩–૨૦૨૦ |

## જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૧૬ તારીખ. ૩૧–૦૧–૨૦૨૦

એજન્ડા ક્રમાંક : ૨ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી શિલ્પાબેન આર. પટેલ તરફથી અને સદસ્યશ્રી ઉષાબેન પી. બારૈયા ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

આજ રોજ તા.૩૧–૦૧–૨૦૨૦ના ખંભાત નગરપાલિકાની મળેલ સામાન્ય સભા ઠરાવે છે કે નીચે જણાવેલ કર્મચારી વય મર્યાદાના કારણે નિવૃત્ત/અવસાન થતાં હોવાથી તેઓને ખંભાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૨૭૧ તળેના મંજુર થયેલા નિયમો નિયમો પ્રકરણ–૧૮ ના નિયમ ૧, ૨, અને ૪ના પેટા નિયમો મુજબ પેન્શન, ગ્રેજયુઈટી અને વળતર ભથ્થાના નિયમો મુજબના લાભો નિવૃત્તિ / અવસાન બાદના આપવા મંજુર કરવામાં આવે છે. વધુમાં પેન્શન મેળવનાર કર્મચારી પાસે પોતાનું પેઢીનામું તેમજ રજુ કરેલ તમામ પેપર્સ ખરા છે તેવું સ્ટેમ્પ પેપર ઉપર સોગદનામું મેળવી રજુ કર્યા બાદ તમામ પેપર્સ અને ફોર્મ ભરીને એકઝીકયુટીવ કમીટી સમક્ષ રજુ કર્યા બાદ પેન્શન ચુકવણી કરવાની રહેશે.

| | | |
|---|---|---|
| (૧) | શ્રી દિનેશભાઈ શકરાભાઈ હરીજન | નિવૃત્તિ તા.૩૧–૦૧–૨૦૨૦ |
| (૨) | શ્રી કપીલાબેન ડાહયાભાઈ હરીજન | નિવૃત્તિ તા.૩૧–૦૩–૨૦૨૦ |
| (૩) | શ્રી દિનેશભાઈ સોમાભાઈ હરીજન | નિવૃત્તિ તા.૩૧–૦૩–૨૦૨૦ |

''સર્વાનુમતે મંજુર''

સહી. યોગેશકુમાર બી. ઉપાધ્યાય

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૩ તારીખ.૩૧–૦૧–૨૦૨૦

એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૫૩૯ તારીખ.૧૮–૧૨–૨૦૧૯ થી એકઝી–કયુટીવ કમીટી ઠરાવ નંબર.૫૭૭ તારીખ.૧૮–૧૨–૨૦૧૯ સુધીના ઠરાવો મંજુર કરવા બાબત.

## જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૧૭ તારીખ. ૩૧–૦૧–૨૦૨૦

એજન્ડા ક્રમાંક : ૩ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી સુમિત્રાબેન આર. માછી તરફથી અને સદસ્યશ્રી શિલ્પાબેન આર. પટેલ ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

આજ રોજ તારીખ.૩૧–૦૧–૨૦૨૦ ના રોજ ખંભાત નગરપાલિકાની મળેલ રાબેતા મુજબની સામાન્ય સભા ઠરાવે છે કે એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૫૩૯ તારીખ.૧૮–૧૨–૨૦૧૯ થી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૫૭૭ તારીખ. ૧૮–૧૨–૨૦૧૯ સુધીના ઠરાવો મંજુર કરવામાં આવે છે.

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી મો.હનીફ અ.જમીલ શેખ તરફથી ઉપરોકત ઠરાવ બાબતે વિરોધ સદસ્યશ્રી ઈશ્વરભાઈ મોતીભાઈ પરમાર ના ટેકાથી રજુઆત થયેલ તે મુજબ ઠરાવોનો વિરોધ વ્યકત કરેલ છે.

આમ ઉપરોકત મુળ ઠરાવ સામે સભ્યશ્રીઓ ધ્વારા વિરોધ કરવામાં આવેલ છે પરતું નગરપાલિકાના મંજુર થયેલા નિયમોના પ્રકરણ ૧નો નિયમ ૩૨ મુજબ મુળ – પ્રસ્તાવ સામે સુધારો રજુ થયેલ હોય તો જ તેની ઉપર મતદાન લઈ શકાય તેવી જોગવાઈ હોવાના કારણે મતદાનની જરૂરીયાત ઉપસ્થીત થતી ન હોઈ મુળ ઠરાવ મંજુર કરવામાં આવે છે.

"મંજુર"

સહી. યોગેશકુમાર બી. ઉપાધ્યાય
પ્રમુખ
ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૪ તારીખ. ૩૧–૦૧–૨૦૨૦

ગુજરાત મ્યુની.એકટ ૧૯૬૩ ની કલમ ૭૬(૨) પેરા નંબર. ૨ મુજબ ખંભાત નગરપાલિકાના તારીખ.૦૧–૦૭–૨૦૧૯ થી તારીખ.૩૦–૦૯–૨૦૧૯ સુધીના ત્રિમાસીક હિસાબો તથા તારીખ.૦૧–૧૦–૨૦૧૯ થી તારીખ.૩૧–૧૨–૨૦૧૯ સુધીના ત્રિમાસીક હિસાબો મંજુર કરવા બાબત.

## જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૧૮ તારીખ.૩૧–૦૧–૨૦૨૦

એજન્ડા ક્રમાંક : ૪ પરત્વેનો પ્રસ્તાવ સદસ્યશ્રી રોહીતભાઈ ટી ખારવા તરફથી અને સદસ્યશ્રી રાજેશભાઈ જી. રાણા ના ટેકા સાથે નીચે મુજબ રજુ થયો.

આજ રોજ તારીખ.૩૧–૦૧–૨૦૨૦ના ખંભાત નગરપાલિકાની મળેલ રાબેતા મુજબની સામાન્ય સભા ઠરાવે છે કે ગુજરાત મ્યુની.એકટ ૧૯૬૩ની કલમ ૭૬(૨) પેરા નં. ૨ મુજબ ખંભાત નગરપાલિકાના તારીખ.૦૧–૦૭–૨૦૧૯ થી તારીખ.૩૦–૦૯–૨૦૧૯ ૨૦૧૯ સુધીના ત્રિમાસીક હિસાબો તથા તારીખ.૦૧–૧૦–૨૦૧૯ થી તારીખ.૩૧–૧૨–૨૦૧૯ સુધીના ત્રિમાસીક હિસાબો મંજુર કરવામાં આવે છે.

તારીખ.૦૧–૦૭–૨૦૧૯ થી તારીખ.૩૦–૦૯–૨૦૧૯ સુધીના હિસાબો

| ક્રમ | વિગત | રકમ |
|---|---|---|
| ૧ | તા.૦૧/૦૭/૨૦૧૯ની ઉઘડતી સિલક | ૧૨૬૫૧૯૩૦૮.૫૬ |
| ૨ | તા.૦૧/૦૭/૨૦૧૯ થી ૩૦/૦૯/૨૦૧૯સુધીની કુલ આવક | ૧૨૬૩૮૭૭૮૮.૦૦ |
| ૩ | તા.૦૧/૦૭/૨૦૧૯ થી ૩૦/૦૯/૨૦૧૯સુધીની કુલ જાવક | ૮૩૭૪૧૮૪૯.૦૦ |
| ૪ | તા.૩૦/૦૯/૨૦૧૯ની બંધ સિલક | ૧૬૯૧૬૫૨૪૭.૫૬ |

તારીખ.૦૧–૧૦–૨૦૧૯ થી તારીખ.૩૧–૧૨–૨૦૧૯ સુધીના હિસાબો

| ક્રમ | વિગત | રકમ |
|---|---|---|
| ૧ | તા.૦૧/૧૦/૨૦૧૯ની ઉઘડતી સિલક | ૧૬૯૧૬૫૨૪૭.૫૬ |
| ૨ | તા.૦૧/૧૦/૨૦૧૯ થી ૩૧/૧૨/૨૦૧૯સુધીની કુલ આવક | ૧૧૭૨૧૮૭૬૧.૦૦ |
| ૩ | તા.૦૧/૧૦/૨૦૧૯ થી ૩૧/૧૨/૨૦૧૯સુધીની કુલ જાવક | ૮૪૬૦૪૬૫૬.૦૦ |
| ૪ | તા.૩૧/૧૨/૨૦૧૯ની બંધ સિલક | ૨૦૧૭૭૯૩૫૨.૫૬ |

ઉપરોકત ઠરાવ ચર્ચામાં મુકાતાં વિપક્ષી સદસ્યશ્રી મો.હનીફ અ.જમીલ શેખ તરફથી ઉપરોકત ઠરાવ બાબતે વિરોધ સદસ્યશ્રી ઈશ્વરભાઈ મોતીભાઈ પરમાર ના ટેકાથી રજુઆત થયેલ તે મુજબ ઠરાવોનો વિરોધ વ્યકત કરેલ છે.

આમ ઉપરોકત મુળ ઠરાવ સામે સભ્યશ્રીઓ ધ્વારા વિરોધ કરવામાં આવેલ છે પરતું નગરપાલિકાના મંજુર થયેલા નિયમોના પ્રકરણ ૧નો નિયમ ૩ર મુજબ મુળ – પ્રસ્તાવ સામે સુધારો રજુ થયેલ હોય તો જ તેની ઉપર મતદાન લઈ શકાય તેવી જોગવાઈ હોવાના કારણે મતદાનની જરૂરીયાત ઉપસ્થીત થતી ન હોઈ મુળ ઠરાવ મંજુર કરવામાં આવે છે.

"મંજુર"

સહી. યોગેશકુમાર બી. ઉપાધ્યાય

પ્રમુખ

ખંભાત નગરપાલિકા, ખંભાત

એજન્ડા ક્રમાંક.૫ તારીખ. ૩૧–૦૧–૨૦૨૦

ખંભાત નગરપાલિકાનું સને.૨૦૨૦–૨૦૨૧ના નાણાંકીય વર્ષ માટે નગરપાલિકા અધિનિયમ ૧૯૬૩ની કલમ ૭૬(૧) મુજબ વર્ષ ૨૦૧૯–૨૦૨૦ના એપ્રિલ ૨૦૧૯ થી ડીસેમ્બર–૨૦૧૯ સુધીના ખરેખર આવક અને ખર્ચ તથા જાન્યુઆરી–૨૦૨૦ થી માર્ચ–૨૦૨૦ સુધીના સંભવિત આવક અને ખર્ચના અંદાજ પત્ર ફાયનાન્સ કમીટી ઠરાવ નંબર. ૦૧ તારીખ.૨૦–૦૧–૨૦૨૦ થી કરેલ ભલામણ વંચાણમાં લઈ વર્ષ ૨૦૨૦–૨૦૨૧ નું અંદાજ પત્ર મંજુર કરવા બાબત.

<u>જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૧૯ તારીખ.૩૧–૦૧–૨૦૨૦</u>

એજન્ડા ક્રમાંક :– ૫ પરત્વેનો પ્રસ્તાવ સદસ્ય શ્રી વિજયસિંહ સી. પરમાર તરફથી અને સદસ્ય શ્રી કલ્પનાબેન પી. પ્રજાપતી ના ટેકા સાથે ફાઈનાન્સ કમીટી ઠરાવ નંબર.–૧ તારીખ–૨૦–૦૧–૨૦૨૦ થી મંજુર થયા મુજબ રૂપ રેખા નીચે મુજબ છે.

માનનીય અધ્યક્ષ મહોદયશ્રી, તથા આજની આ જનરલ સભામાં ઉપસ્થિત એવા મારા કાઉન્સીલર ભાઈઓ તથા બહેનો.

ખંભાત નગરપાલિકાનું અગામી નાણાંકીય વર્ષ ૨૦૨૦–૨૦૨૧ નું અંદાજપત્ર આપ સૌ ની સમક્ષ મુકતા હર્ષ અને લાગણી અનભવું છું

અગામી વર્ષ એપ્રીલ–૨૦૨૦ થી શરૂ થતા નવા વર્ષની રૂપરેખા આપુ તે પહેલા જાન્યુઆરી ૨૦૧૯ થી માર્ચ ૨૦૧૯ સુધીના સંભવીત આવક અને ખર્ચના અંદાજો સાથેના રેવન્યુ બજેટ અને કેપીટલ બજેટ નગરપાલિકાની ફાઈનાન્સ કમીટીના ઠરાવ નંબર–૧ તારીખ.૨૦/૦૧/૨૦૨૦ એ જરૂરી મંજુર કરેલ છે જે આ બોર્ડ સમક્ષ પ્રસ્તુત કરવા મંજુરી આપેલ છે.

સદરહું બજેટમાં સમાવિષ્ટ મહત્વની કડીઓની કેડીઓ કંડારવા અને ખંભાત શહેર અને તેમાં રહેતા પ્રજાજનોની સુખાકારી અને શહેરના વિકાસની જે પડતર રહેલ બાબતો જેવી કે......

ખંભાત શહેરમાં રહેતી વિધવા બહેનો માટે અગાઉના વર્ષ થી આપવામાં આવેલ સપૂર્ણ ટેક્ષ માફી આપવા અંગે તેઓના ટેક્ષ બીલમાં સપૂર્ણ માફી આપવા અગામી વર્ષમાં પણ તે ટેક્ષ માફી આપવા નકકી કરવામાં આવે છે. તેમા જે લોકોને આ લાભ મળવાપાત્ર હોય તેઓ ધ્વારા નગરપાલિકા માં નિયમઅનુંસાર અરજી કરેથી તેઓને પણ માફી આપવામાં આવશે તેમ ઠરાવવામાં આવે છે.

વર્ષ : ૨૦૨૦–૨૧ માટે રૂા.૨૪,૬૧,૭૭,૦૦૦/– અંકે રૂપીયા ચોવીસ કરોડ એકસઠ લાખ સીત્યોતેરહજાર પુરા રેવન્યુ આવક અંદાજવામાં આવેલ છે. જે નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧ | કુલ ટેક્ષની આવક | ૭૨૭૬૦૦૦૦.૦૦ |
| ૨ | ભાડાની કુલ આવક | ૬૧૦૦૦૦૦.૦૦ |
| ૩ | અન્ય આવક | ૧૩૧૭૦૦૦૦.૦૦ |
| ૪ | ફી ની કુલ આવક | ૧૭૭૯૮૦૦૦.૦૦ |
| ૫ | ખાસ અધિનિયમની આવક | ૧૦૧૪૦૦૦.૦૦ |

| | | |
|---|---|---|
| ૬ | વ્યાજ આવક ભંડોળ | ૧૨૦૦૦૦૦૦.૦૦ |
| ૭ | કુલ અન્ય આવકો | ૫૦૨૩૫૦૦૦.૦૦ |
| ૮ | સહાયક અનુદાન (મહેકમ) | ૭૩૧૦૦૦૦૦.૦૦ |
| | કુલ રેવન્યુ આવક | ૨૪૬૧૭૭૦૦૦.૦૦ |

તેની સામે વર્ષ : ૨૦૨૦–૨૧ માટે રૂા.૨૪,૪૯,૬૮,૦૦૧/– અંકે રૂપીયા ચોવીસ કરોડ ઓગણપચાસ લાખ અડસઠ હજાર એક પુરાની રેવન્યુ જાવક અંદાજવામાં આવેલ છે. જે નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧ | અ. આ. સેવા સિવાયનું મહેકમનો ખર્ચ | ૭૦૨૦૦૦૦૦.૦૦ |
| ૨ | અન્ય લાભો | ૧૬૪૨૦૦૦૦.૦૦ |
| ૩ | વહીવટી ખર્ચ | ૧૫૫૮૦૫૦૧.૦૦ |
| ૪ | પાણી પુરવઠા ખર્ચ | ૪૫૬૦૫૦૦૦.૦૦ |
| ૫ | ગંદાપાણીના નિકાલનો ખર્ચ (ડ્રેનેજ) | ૧૭૯૧૫૦૦૦.૦૦ |
| ૬ | સફાઈ ખર્ચ | ૪૫૫૭૦૦૦૦.૦૦ |
| ૭ | વરસાદી પાણી નિકાલ | ૧૦૦૦૦૦૦.૦૦ |
| ૮ | જાહેર દિવાબત્તી ખર્ચ | ૬૬૮૦૦૦૦.૦૦ |
| ૯ | રસ્તા / બાંધકામ ખર્ચ | ૭૯૭૫૦૦૦.૦૦ |
| ૧૦ | અન્ય સેવાઓનો ખર્ચ | ૧૮૦૨૨૫૦૦.૦૦ |
| | કુલ રેવન્યુ જાવક | ૨૪૪૯૬૮૦૦૧.૦૦ |

આમ રેવન્યુ આવક જાવકના બજેટ માં રૂા.૧૨,૦૮,૯૯૯/– અંકે રૂપીયા બાર લાખ આઠ હજાર નવસો નવ્વાણું પુરાની પૂરાંત દર્શાવવામાં આવેલ છે. જે નગરના આયોજનમાં નગરપાલિકા ધ્વારા કરવામાં આવનાર વિવેક બુધ્ધિ અનુસાર અને કરકસર યુકત પગલાઓના ફળ સ્વરૂપે પુરાંત વાળુ બજેટ રજુ કરતા હર્ષ ઉલ્લાસ અને આનંદની લાગણી અનુભવું છુ.

દિવસે દિવસે શહેરી કરણ વધવાનું છે. શહેરની હદોનો વ્યાપ અને વિસ્તરણ થવાનું જ છે. નવા બાંધકામ અને નવી સોસાયટીયોનું સર્જન થવાનું છે.

આમ પ્રાથમીક સુવિધાઓ આપવાનો વ્યાપ પણ વધવાનો છે.

અમો ....ભવિષ્યની આપવાની જરૂરીયાતો નો દુરંદેશી ખ્યાલ આ બજેટમાં કરેલો છે. સરળતાથી સેવાઓ મળી રહે અને સમસ્યાઓ તુરત હલ થાય અને નાગરીકોને વધુ સરળતા રહે તે માટે અનેક જોગવાઈઓ આ બજેટમાં કરવામાં આવેલ છે.

અગામી નાણાંકીય વર્ષ ૨૦૨૦–૨૧ માં નગરપાલિમાં ઉચ્ચક ફીકસ પગાર થી કામ કરતા વિવિધ વિભાગના અદાજીત ૨૫૦ કર્મચારીઓને અગામી નાણાંકીય વર્ષ ૨૦૨૦–૨૧માં ગુજરાત સરકાર શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ ઠરાવ કમાંક : ઈએસટી –૧૨૧૨ / સિ.ફા.૩૦ / આર સચિવાલય,ગાંધીનગર તા.૪/૯/૨૦૧૨ ના ઠરાવ મુજબ નગરપાલિકામાં કર્મચારીઓની ભરતી માટે નગરપાલિકા કક્ષાએ સમિતિની રચવા એગે નગરપાલિકાના પ્રમુખશ્રી ને અધિકૃત કરવામાં આવે છે. ઉપરોકત તમામ કર્મચારીઓને કાયમી કરવાનું આયોજન ખંભાત નગરપાલિકા ધ્વારા કરવામાં આવશે જે માટે આ બજેટમાં કર્મચારીઓને કાયમી કરવા માટે નગરપાલિકા ધ્વારા આ બજેટમાં ૯૦–લાખ રૂપીયાની વધારાની રકમ ની ફાળવણી કરવામાં આવેલ છે.

ગુજરાત સરકારશ્રીની વિવિધ યોજનાઓ હેઠળ વિકાસ લક્ષી કામોમાં સમગ્ર ગામના મુખ્ય રસ્તાઓ, અંદરના આર.સી.સી. ડામરના રસ્તાઓ બનાવી વિકાસની એક ઝલક પ્રજાને આપેલ છે. તેનાથી સમગ્ર પ્રજામાં એક ખુશીની લહેર જોવા મળેલ છે અને તેમાંથી ઘણા ખરા કામો પુર્ણ થયેલ છે અને બાકીના કામો હાલ પ્રગતિમાં છે અને તે જરૂરી સમય મર્યાદામાં પુર્ણ થાય તેમાં પણ નગરપાલિકાના શાસકોનો આગોતરૂ આયોજન છે. ખંભાત શહેરની કાયા પલટ એ અમારૂ મીશન છે અને સર્વાંગી વિકાસ થાય તે માટે અમારો અથાગ પ્રયત્ન રેહેશે. આ ભગીરથ કાર્ય માટે આપ સૌનો સહકાર અમોને મળતો રહે છે તે માટે અમો આપના ઋણી છીએ.

ખંભાત નગરપાલિકા ધ્વારા શહેરના મુખ્ય રસ્તા પ્રેસ રોડને અડીને આવેલ આંબેડકર સ્ટેચ્યુની બાજુમાં આવેલ જગ્યામાં ત્રંબાવટી શોપીંગ કોમ્પલેક્ષ બનાવવની કામગીરી સરકારશ્રીની ગ્રાંન્ટ માંથી પૂર્ણ કરી દેવામાં આવેલ છે. બીજા માળે ત્રંબાવટી ભવન બનાવવામાં આવે છે. જેમા ૧૬–રૂમો ,૧–ઓફીસ, ૧–સ્ટોર રૂમનું આયોજન થયેલ છે. સદર શોપીંગ સેન્ટરમાં લીફટ/જનરેટર સેટ તથા ઈન્ફ્રાસ્ટ્રકરચરની તમામ આધુનીક સુવિધાઓ સાથે બનાવવામાં આવેલ છે. જે નગરપાલિકાની માસીક લાયસન્સ ફી અને ટેક્ષ રૂપી આવક થાય નગરપાલિકાની આર્થિક પરિસ્થિતીમાં સુધારો કરી શકાય છે.

ખંભાતમાં વિકસીત વિસ્તાર તરીકે પાણીયારી મુકામે સ્વામી વિવેકાનદના સ્ટેચ્યુ ના સર્કલનું રીનોવેશનની કામગીરી પ્રગતિમાં છે. સદર કામગીરી એક માસ માં પૂર્ણ કરી દેવા આવશે.

ગોપાલ ટોકીઝની સામે રણજીતરાય શાસ્ત્રી કોમ્પલેક્ષ કામગીરી પુર્ણ કરી દેવા માં આવેલ છે, અને ચંદન ગેસ્ટ હાઉસની બાજુમાં બ્લોક નંબર–૪ અને ૫ નું નવીની કરણની કામગીરી પૂર્ણ કરી દેવામાં આવેલ છે અને નગરજનો ને તેનો લાભ આપવામાં આવેલ છે.

દરીયા રસ્તો (પોર્ટ રોડ) નગરપાલિકા ધ્વારા બનાવવામાં આવેલ છે, તેને જરૂરી તમામ બાકી રહેલ કામો પૂર્ણ કરી દેવામાં આવેલ છે. તેમજ વધુમાં રીર્ટનમાં પરત આવવા જે કાચો રસ્તો છે તમામ ૭ મીટરની પહોળાઈ સાથેનો નવો રસ્તો બનાવી કામગીરી પૂર્ણ કરેલ છે. આમ આવવા જવાના બન્ને રસ્તા અલગ અલગ બનાવવામાં આવેલ છે, અને તે બન્ને રસ્તા પર એલ.ઈ.ડી. સ્ટ્રીટ લાઈટની પણ સુવિધા ઉપલબ્ધ કરવામાં આવેલ છે. તેમજ દરીયે (ડંકે) કોસ્ટ ગાર્ડ ચોકી માટે બે રૂમો, તથા ટોયલેટ બ્લોક, તથા એક હોલ નગરપાલિકા હસ્તક બનાવવાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ હસ્તે દરીયાના વિવિધ નવા કામો જેમા (૧) ગેબીયન પ્રોટેકશન મેટ્રસ વોલ બનાવવાનું કામ (૨) દરીયે કમ્પાઉન્ડ વોલ ટોયલેટ બ્લોક, પેવર બ્લોક (૩) દરીયે ડંકા પાસે ટોયલેટ બ્લોકનું કામ (૪) દરીયે ડંકે પાર્કિંગની સુવિધા (૫) ડબલ્યુ બી.એમ.પાર્કિંગ રોડ (૬) દુકાનોના એન્ટરન્સ પાસે સી.સી.રોડ (૭) વેજીટેબલ સ્ટોલ ઈસ્ટ–વેસ્ટ સાઈડ (૮) લેન્ડ સ્કેપીંગ/ચીલ્ડ્રન પ્લે એરીયા/ફાઉન્ટેન (૯) પેવર બ્લોક સી.સી.કરબીંગ સાથે (૧૦) મચ્છી માર્કેટ પ્લોટ એરીયા (૧૧) દરીયે ટોયલેટ બ્લોક (૧૨) વોટર સપ્લાસ એન્ડ ડ્રેનેજ ફેસેલીટી (૧૩) ગાર્ડ એન્ડ પોલીસ રૂમ (૧૪) આર્ટીફિશીયલ પોન્ડ (૧૫) ડંકાથી અદરના ભાગમાં રસ્તાનું કામ (૧૬) ઈલેકટ્રીફિકેશનના તમામ કામનું ખાત મુહુર્ત કરવામાં આવેલ જેની કામગીરી આગામી વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે.

ખંભાત નગરપાલિકા ધ્વારા ખંભાત નગરપાલિકાના વિસ્તારમાં વોર્ડ નંબર–૧ થી ૯ માં દરેક વોર્ડ વાઈઝ કોમ્યુનીટી હોલ બનાવવાની કામગીરી અંગેનું ખાતમુહુર્ત કરવામાં આવેલ છે અને તે અગામી વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે.

સોલીડ વેસ્ટ મેનેજમેન્ટનો પ્લાન અધતન સુવિધા યુકત કરી કાર્યરત કરવામાં આવશે જે સરકારશ્રીની સ્વચ્છ મીશન અંતર્ગત આગળના તમામ આયોજન પૂર્ણ કરવામાં આવશે

ખંભાત નગરપાલિકા શહીદબાગની પાણીની ટાંકી જુની થયેલ હોવાથી શહીદ બાગ વિસ્તારમાં દશ લાખ લીટરની પાણી ટાંકી તથા તેને સંલગ્ન મશીનરી કનેકશન વિગેરેની કામગીરી સાથે નવી ટાકીં બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે અને અગામી વર્ષમાં પૂર્ણ કરી દેવામાં આવશે.

ખંભાત નગરપાલિકાની કચેરી નવાબ સાહેબના સમયથી કાર્યરત હોય ઘણા વર્ષો થયેલ હોય ખંભાત નગરપાલિકા ભવન નું નવનિર્માણ કરવાનું આયોજન ખંભાત નગરપાલિકા ધ્વારા કરવામાં આવેલ છે.

માદળા તળાવ ખંભાત ને એક નવું નજરાણું આપવા માટે ગુજરાત સરકાર સમક્ષ સમગ્ર પ્રોસીઝરો પૂર્ણ કરી રૂા.ચાર કરોડ ઉપરાંત નો એસ્ટીમેન્ટ પ્લાન નકશા બનાવી રજુ કરેલ તેની સરકારશ્રી તરફથી મંજુરી મળી ગયેલ છે અને અગામી નાણાકીય વર્ષ દરમ્યાન અમદાવાદ કાંકરીયા તળાવનું ડેવલોપીંગ થયેલ છે તે રીતે અને તે કોન્સેપ્ટથી ખંભાતનું માદળા તળાવમાં બોટીગની સુવિધા સાથે વિકસાવવાની કામગીરી હાલ પ્રગતિમાં છે. સદર કામગીરી પૂર્ણ કરી ખંભાતના નગરજનો ને એક નજરાના રૂપે આપવામાં આવશે.

ખંભાત નગરપાલિકા ધ્વારા માદળા બાગ ને નવપલવિત કરવામાં આવશે જેમાં જરૂરીયાતના તમામ રમત–ગમતના સાધનો સાથે તથા માદળા બાગની અંદરના ફુવારા નું રીનોવેશન કરવાની કામગીરી નું આયોજન કરવામાં આવેલ છે.

ખંભાત શહેરના યુવાનો માટે સ્પોર્ટ મેદાન/સ્પોર્ટ કોમ્પલેક્ષ બનાવવા જમીન સંપાદનની કાર્યવાહી માટે મે.કલેકટરશ્રીને દરખાસ્ત કરેલ છે જે મંજુર થયેથી તિલક બાગની સામે આવેલ સીટી સર્વે નંબરો વાળી જગ્યામાં બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે.

ખંભાત નગરપાલિકાના નગરજનો માટે મરણોતર તમામ સામાન ખંભાત નગરપાલિકા તરફથી તદન મફત આપવામાં આવે છે. તે હવે પછી નવો ઠરાવ ન થાય ત્યાં સુધી આપવામાં આવશે.

સ્મશાનરોડ ની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

સ્મશાનમાં રોડ, એલ.ઈ.ડી.લાઈટ, શેડ,ભઠ્ઠીઓ અને તેની નીચેના પતરા અને ૨૦ હજાર લીટરની પાંણી ટાંકી જરૂરીયાત મુજબનું તમામ રીનોવેશન તથા નવીનીકરણ કામગીરી પૂર્ણ કરેલ છે.

કેન્દ્ર સરકાર અને રાજય સરકારના સ્વચ્છતા અભીયાન અન્વયે ખંભાતના તમામ નગરજનો ની રહેણાક તથા બીન રહેણાંક મીલ્કત ધારક સુકો કચરો અને ભીનો કચરા માટે ૧૨ લીટરના નંગ–૨ ડસ્ટ બીન તમામ ટેક્ષ ભરનાર વ્યકિતઓને વિતરણ કરવામાં આવેલ છે. અને બાકી રહેલા ને તે આપવામાં આવશે.

ખંભાત નગરપાલિકા ફાયર બ્રિગેડમાં અધતન સુવિધા મળી તે માટે વાયરલેશ સેટ અને હેન્ડ સેટ, મીની રેસ્કયુ ટેન્ડર અને મીની ફાયર ટેન્ડર ખરીદવા અને પ્રજાની સેવા અર્થ મુકવા નકકી કરવામાં આવેલ છે.

ખંભાત નગરપાલિકા અને ઓ.એન.જી.સી. ખંભાતના સહયોગથી નવી એમ્બ્યુલન્સ વાન અને અંતિમયાત્રા વાહનની ખરીદી કરી તેનું લોકાપુર્ણ કરી નગરજનો માટે સેવા કાર્યરત કરવામાં આવેલ છે અને આ સેવાઓનો વધુ ઉપયોગી હોવાને કારણે આ વર્ષે નવી બીજી એમ્બ્યુલન્સ અને શબવાહીની ખરીદી કરવાનું આયોજન કરવામાં આવેલ છે.

ખંભાતના નગરજનો ને શારીરીક બિમારીથી ધેરાયેલા હોય અને તેઓની આર્થીક સ્થિતિ નબળી હોય તેવા નગરના કોઈપણ નાગરીકને ગુજરાતની હદમાં કોઈ એમ્બ્યુલન્સ કે શબવાહીની લઈ જવાની થાય તો નિયમ મુજબ રકમ ભરપાઈ કરવાની હોય અને તેમાં તેઓની અરજી આવેથી નગરપાલિકા નકકી કરે તે રકમમાં માફી આપવાની જોગવાઈ મંજુર કરવામાં આવે છે.

ખંભાત શહેરીના નગરજનો ને શહેરી વિસ્તાર માટે એમ્બ્યુલન્સ, શબવાહીની વાન અને અંતિમયાત્રા વાહનની સેવા ફી કરવામાં આવશે અને આ અંગે બીજો કોઈ ઠરાવ ન થાય ત્યા સુધી ચાલુ રહેશે.

વધુમાં નગરપાલિકાના ચુંટાયેલા તમામ ચાલુ/માજી સભ્યશ્રીઓ ને અને તેમના પત્ની, બાળકો તથા માતા–પિતા ને એમ્બ્યુલન્સની જરૂરીયાત ઉભી થાય તો વિના મુલ્યે ગુજરાત રાજયની હદમાં પોતાની સારવાર અર્થે જઈ શકશે. પરતું ગુજરાત બહાર જવાનું થાય તો હદની આગળ જવાના અને હદ સુધી પરત આવવાના પ્રતિ કિ.મી. દીઠ રૂા. ૮–૦૦ અંકે રૂપીયા આઠ પુરા લેખે વસુલ લેવાના રહેશે. બીજા કોઈપણ અન્ય ચાર્જીસ લાગુ પડશે નહી કે લેવાના રહેશે નહી. તેવી જ રીતે ખંભાત મત વિસ્તાર ધારા સભ્ય શ્રી અને માજી ધારા સભ્યને પણ ઉપર મુજબનો લાભ આપવાનો રહેશે. તે મુજબનું બીજો અન્ય ઠરાવ ના થાય ત્યા સુધી ચાલુ રહેશે.

આમ વર્ષ : ૨૦૨૦–૨૧ માટે કેપીટલ આવક રૂા.૨૩,૨૫,૬૦,૦૦૦/– અંકે રૂપીયા તેવીસ કરોડ પચ્ચીસલાખ સાંઈઠ હજાર પુરા અંદાજવામાં આવેલ છે. જે નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧ | સહાયક અનુદાન (વિકાસ ભંડોળ યોજના) | ૨૩૮૧૦૦૦૦.૦૦ |
| ૨ | વિકાસ યોજના (રાજય સરકાર) | ૧૧૩૨૦૦૦૦૦.૦૦ |
| ૩ | ખાસ હેતુ માટેની ગ્રાન્ટ (રાજય સરકાર) | ૭૫૫૦૦૦૦.૦૦ |
| ૪ | વિકાસ યોજના (કેન્દ્ર સરકાર) | ૭૦૦૦૦૦૦૦.૦૦ |
| ૫ | સામુદાઈક વિકાસ યોજનાઓ | ૨૫૦૦૦૦૦.૦૦ |
| ૬ | વિકેન્દ્રીત જિલ્લા આયોજન | ૧૦૫૦૦૦૦૦.૦૦ |
| ૭ | રાજય તેમજ કેન્દ્ર સરકારમાં થી વિકાસ લક્ષી ગ્રાન્ટોમાંથી અન્ય વિકાસ લક્ષી કામો | ૫૦૦૦૦૦૦.૦૦ |
| | કુલ કેપીટલ આવક | ૨૩૨૫૬૦૦૦૦.૦૦ |

તેની સામે વર્ષ : ૨૦૨૦–૨૧ માટે રૂા. ૨૨,૨૯,૬૦,૦૦૦/– અંકે રૂપીયા બાવીસ કરોડ ઓગત્રીસ લાખ સાંહીઠ હજાર પુરાની કેપીટલ જાવક અંદાજવામાં આવેલ છે. જે નીચે પ્રમાણે છે.

| | | |
|---|---|---|
| ૧ | સહાયક અનુદાન (વિકાસ ભંડોળ યોજના) | ૨૨૨૧૦૦૦૦.૦૦ |
| ૨ | વિકાસ યોજના રાજય સરકાર | ૯૪૨૦૦૦૦૦.૦૦ |
| ૩ | ખાસ હેતુ માટેની ગ્રાન્ટ રાજય સરકાર | ૭૫૫૦૦૦૦.૦૦ |
| ૪ | વિકાસ યોજના કેન્દ્ર સરકાર | ૮૦૫૦૦૦૦૦.૦૦ |
| ૫ | સામુદાઈક વિકાસ યોજનાઓ | ૨૫૦૦૦૦૦.૦૦ |
| ૬ | વિકેન્દ્રીત જિલ્લા આયોજન | ૧૧૦૦૦૦૦૦.૦૦ |
| ૭ | રાજય સરકાર તેમજ કેન્દ્ર સરકારમાંથી વિકાસ લક્ષી ગ્રાન્ટોમાંથી અન્ય વિકાસ લક્ષી કામો | ૫૦૦૦૦૦૦.૦૦ |
| | કુલ કેપીટલ જાવક | ૨૨૨૯૬૦૦૦૦.૦૦ |

આમ કેપીટલ આવક જાવકના બજેટ માં રૂા. ૯૬,૦૦,૦૦૦/– અંકે રૂપીયા છણું લાખ પુરાની પૂરાંત દર્શાવવામાં આવેલ છે.

**ખંભાત નગરપાલિકા ની કુલ બજેટની આવક જાવક નીચે મુજબ છે.**

| વિગત | આવક | જાવક |
|---|---|---|
| ગ્રાન્ટ આવકનો સરવાળો :– | ૨૩૨૫૬૦૦૦૦.૦૦ | ૨૨૨૯૬૦૦૦૦.૦૦ |
| રેવન્યુ આવકનો સરવાળો :– | ૨૪૬૧૭૭૦૦૦.૦૦ | ૨૪૪૯૬૮૦૦૧.૦૦ |
| દેવાઓ અને જવાબદારી :– | ૪૮૧૩૬૦૦૦.૦૦ | ૫૧૯૭૦૦૦૦.૦૦ |
| કુલ સરવાળો :– | ૫૨૬૮૭૩૦૦૦.૦૦ | ૫૧૯૮૯૮૦૦૧.૦૦ |

**આમ ખંભાત નગરપાલિકા કુલ આવક જાવકના બજેટમાં રૂા. ૬૯,૭૪,૯૯૯/– અંકે રૂપીયા અગણયોસીતેર લાખ ચુંવોતેર હજાર નવસો નવ્વાણું પુરાની પૂરાંત**

**મીત્રો.... આ અમારો આ બજેટમાં રેવન્યુ અને કેપીટલ બજેટને સરળ રીતે પ્રસ્તુત કરવાનો નમ્ર પ્રયાસ છે અત્રેથી આપ સૌને ખાત્રી આપીએ છીએ કે આપણા સૌની તમામ તાકાત આ બજેટને યર્થાથ કરવા કામે લગાડી દઈશું સૌને ન્યાય મળે તે માટે સદા પ્રયત્નશીલ રહીશુ જેથી કરીને આ શહેરના વિકાસ લક્ષી "સૌનો સાથ.......સૌ નો વિકાસ" ની યુકિત સાર્થક થાય તે માટે ઉપરોકત તમામ બજેટમાં જણાવેલ વિગતો અંગે જે કોઈ કાર્યવાહી કરવાની થાય તે સંપૂર્ણ પણે કામ પૂર્ણ થાય ત્યાં સુધીની કાર્યવાહીઓ કરવા નગરપાલીકા પ્રમુખશ્રી , ચેરમેનશ્રી કારોબારી કમીટી, ચીફ ઓફીસર ને સંપૂર્ણ સત્તા આપવામાં આવે છે અને બજેટમાં જણાવેલ સુવિધાઓનો લાભ જેમ બને તેમ વહેલાસર પ્રજાજનો ને મળે તે મુજબની કાર્યવાહી કરવાની રહેશે આ બજેટને સર્વાનુમતે મંજુર કરવા દરખાસ્ત કરૂ છું.**

**"મંજુર"**

**સહી. યોગેશકુમાર બી. ઉપાધ્યાય**
**પ્રમુખ**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**

ચેર આઈટમ–૧

## જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૨૦
## તારીખ.૩૧–૦૧–૨૦૨૦

આથી ઠરાવ કરવામાં આવે છે કે ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ઠરાવ ક્રમાંક ઈએસટી/૧૨૧૨/સિ.ફા.૩૦/આર/સચિવાલય ગાંધીનગર તારીખ.૦૪–૦૯–૨૦૧૨ નગરપાલિકાઓમાં કર્મચારીઓની ભરતી માટે નગરપાલિકા કક્ષાએ સમિતિની રચના કરવા બાબતનો પરિપત્ર આવેલ જેની નોંધ લઈ નગરપાલિકામાં રાજયની કોમન કેડર સિવાયની બધી જ કેડરોમાં નગરપાલિકાના કર્મચારીઓની ભરતી/ બઢતી માટે નીચે દર્શાવ્યા મુજબની પસંદગી સમિતિની રચના કરવા ઠરાવવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | નગરપાલિકા ધ્વારા નિયુકત પસંદગી સમિતિના અધ્યક્ષ | અધ્યક્ષશ્રી | શ્રી યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય<br>પ્રમુખશ્રી |
| (૨) | નગરપાલિકાના પ્રમુખશ્રી અથવા તેઓશ્રી ધ્વારા નિયુકત સદસ્યશ્રી | સભ્યશ્રી | શ્રી શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા<br>ઉપપ્રમુખશ્રી |
| (૩) | નગરપાલિકાની સ્થાયી સમિતિના અધ્યક્ષશ્રી | સભ્યશ્રી | શ્રી અશોકભાઈ રતીલાલ ખલાસી<br>ચેરમેનશ્રી એકઝીકયુટીવ કમીટી |
| (૪) | પ્રાદેશિક કમિશ્નરશ્રી ની કચેરીના અધિકારીશ્રી | સભ્યશ્રી | ચીફ ઓફીસરશ્રી વર્ગ–૧<br>પ્રાદેશિક કમિશ્નરશ્રીની કચેરી |
| (૫) | નગરપાલિકાના મુખ્ય અધિકારીશ્રી | સભ્ય સચિવ | શ્રી જીતેન્દ્રકુમાર જી. ડાભી<br>ચીફ ઓફીસરશ્રી |

નગરપાલિકા ધ્વારા તાંત્રિક અધિકારી/કર્મચારીની ભરતી કરવાની હોય તો સમિતિની બેઠકમાં પ્રાદેશિક કમિશ્નરશ્રી ધ્વારા સંબંધિત ક્ષેત્રના તાંત્રિક અધિકારીને આમંત્રિત સભ્ય તરીકે સમાવવાના રહેશે.

દરેક નગરપાલિકાએ આ ઠરાવનો અમલ કરીને તેની જાણ તુરત જ વખતો વખત શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગને કરવાની રહેશે.

જે નગરપાલિકાઓ ધ્વારા ભરતી પ્રક્રિયા હાથ ધરાયેલ હોય તે નગરપાલિકાની પસંદગી સમિતિએ તેની સમીક્ષા કરી યોગ્ય હોય તો તે માન્ય રાખવા અન્યથા પ્રક્રિયા રદ કરી નવેસરથી પસંદગી પ્રક્રિયા હાથ ધરવાની રહેશે.

સર્વાનુમતે મંજુર

સહી. યોગેશકુમાર બી. ઉપાધ્યાય
પ્રમુખ,
ખંભાત નગરપાલિકા, ખંભાત